R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગાર
પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 38 DATE: 21-09-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં શાંતિ સ્થપાય માટે વિશ્વભરના ખ્રિસ્તીઓને પ્રાર્થના કરવા હાકલ

વિશ્વભરના ખ્રિસ્તીઓને સીરીયામાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરવાની હાકલ કરવામાં આવી હતી તેના પ્રતિસાદ રુપે પ્રાર્થના કરવામાં આવી હતી.તેમજ સીરીયા છોડીને મીલીયન્સ લોકો શરણાર્થી બન્યા છે તેમને માટે પ્રાર્થના કરવામાં આવી હતી.પોપ ફ્રાંન્સીસે અપીલ કરી હતી કે વિશ્વભરના ૧.૨ બીલીયન કેથોલીકો આ એક દિવસની પ્રાર્થનામાં જોડાશે અને ઉપવાસ સહિત સીરીયામાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરશે.તેમજ તેઓ પોતાના ખરા હ્રદયથી ઈશ્વરને પ્રાર્થના કરશે.હું મારી પ્રાર્થના માં સીરીયાની સીવીલ વોરમાં ભોગ બનેલા તમામને માટે પ્રાર્થના તેમજ નિકટતા અર્પુ છું.જેઓ આ અશાંતિનો ભોગ બન્યા છે,તેમાંય ખાસ કરીને બાળકો,તેથી હું તમામને વિનંતી કરીશ કે તેઓ શાંતિ માટેની આશા છોડી ના દે ,પરંતુ તે માટે આશાને જીવંત રાખે.

હું ઈન્ટરનેશનલ કોમ્યુનીટીને વિનંતી કરુ છુ કે તેઓ આ બાબતમાં ખુબજ લાગણીશીલ અને ગંભીર બને,અને તેમના તમામ પ્રયત્નો તેમાં ઉમેરે અને આ ખરાબ પરિસ્થિતિમાંથી તમામ સીરીયન નાગરિકોનો બચાવ થાય અને શાંતિ સ્થપાય માટે પ્રયત્નો કરે.સીરીયનો લડાઈમાંથી બહાર આવવાનો હલ શોધે.જેથી નુકશાન અને હિંસાને નાથી શકાય.પોપે તેમની આજની માસ પ્રેયર સેંટ પીટર્સ સ્કેવર ખાતે કરી હતી.

ગ્રાંડ મુફતી ઓફ સીરીયા, એહમદ બદરુદીન હસોઉ, સુન્ની ઈસ્લામના એક ધાર્મિક નેતા,જેમણે પોપ ફ્રાંસિસને એક પત્ર લખ્યો હતો તેમાં તેમણે જણાવ્યું હતું કે હું પણ તમારી અપીલમાં જોડાઉ છું તેમજ હું પણ સીરીયામાં શાંતિ સ્થપાય માટે ઉપવાસ સહિતની પ્રાર્થના કરીશ.તેમણે પોપનો આભાર માનતા કહ્યું હતું કે તેમણે માનવતા માટે કરેલ મોટી વિનંતી,એ વિશ્વાસ પર આધારિત છે.ઉપવાસ સહિતની ઈશ્વરને પ્રાર્થના કરવી અને વિશ્વમાં શાંતિ સ્થપાય એ માટે કાર્ય કરવું,તેમજ શેતાનના પંજાથી સહુને મુક્ત કરાવવાની તેમની ઈચ્છાનો અમો આભાર માનીએ છીએ.

ઓર્થોડોક્સ લીડર,પેટ્રીઆર્ચ ઓફ કોસ્ટેનટીનોપોલ બારથોલોમી,હેડ ઓફ ધ વર્લ્ડ ઈવેન્જલીકલ એલાયન્સ, ડો.જ્યોફ ટ્યુનીક્લીફ બેઉ વ્યક્તિઓએ આ પ્રાર્થના અપીલને પોતાનો ટેકો જાહેર કર્યો હતો.ધ બીશપ ઓફ વેકફિલ્ડ, ધ રાઈટ રેવ સ્ટેફન પ્લેટને પણ ચર્ચ ઓફ ઈગ્લેન્ડની તમામ પેરીસને સીરીયામાં શાંતિ સ્થપાય માટેની પ્રાર્થના અપીલમાં જોડાવાની અપીલ કરી હતી.



સીરીયાની સીવીલ વોરમાં થયેલ વ્યાપક હિસા અને કેમીકલ શસ્ત્રો વાપરવની સામે લશ્કરી પગલાંની હિમાયત કરતાં પ્રેસેડેન્ટ ઓબામા




કે.પી.યોહાનન,ગોસ્પલ ફોર એશીયા,ફાઉન્ડર અને પ્રેસીડેન્ટે જણાવ્યું હતું કે ખ્રિસ્તી સંસ્થાએ ચર્ચનું બાંધકામ બે વર્ષ પહેલાં ચાલુ કર્યું હતું પરંતુ વિરોધને કારણે આ કામ અટકી પડ્યું હતું. પરંતુ ફરીથી જ્યારે આ કામ ચાલું કરવામાં આવ્યુ ત્યારે ૧૦૦૦ જેટલા હિંદુ કટ્ટરવાદી લોકોનું બનેલું ટોળું ખ્રિસ્તીઓ વિરુધ્ધ સુત્રો પોકારતા આવી પહોચ્યું હતું અને ચર્ચ બિલ્ડીંગને તોડી પાડવામાં આવ્યું હતુ. આ બનાવ ૨૫ ઓગષ્ટના રોજ નોર્થન ઈન્ડીયામાં બન્યો હતો.આ ચર્ચનું મકાન છેલ્લા તબક્કામાં આવ્યું હતું.આ ઉપરાંત ત્યાં હાજર એવા પાસ્ટર તેમના માતા અને કેટલાંક ચર્ચના સભ્યોને માર મારવામાં આવ્યો હતો પરંતુ તેઓ હુમલાખોરોથી બચીને ભાગી છુટ્યા હતા.ચર્ચ લીડરોએ તમામ વિશ્વાસુ લોકોને તેમના માટે પ્રાર્થના કરવા અપીલ કરી હતી.



## સીરીયામાં લશ્કરી પગલાં ભરવા માટે કેટલા અને કેવા પ્રયત્નો યુએસ દ્વારા કરવામાં આવશે ?

સીરીયામાં લશ્કરી પગલાં લેવા યુ.એસ. પ્રમુખે કરેલ જાહેરાત બાદ સહુ પ્રથમ ગાઈડેડ મિસાઈલ ડીસ્ટ્રોયલ યુએસએસ રેમેજ જે અરેબીયન ગલ્ફમાં કાર્યરત છે તેને ખસેડવામાં આવ્યું હતું.નવેમ્બર ૧૫,૨૦૦૬ના રોજ લેવાયેલ આ તસવીર છે.રેમેજ યુએસના ચાર ડીસ્ટ્રોયર પૈકીનુ એક છ જે હાલમાં મેડીટેરીયન સીમાં લોગ રેંન્જ મિસાઈલ્સ જેને ટોમાહોક મિસાઈલ કહેવાય છે તે સાથે કાર્યરત છે.જે સીરીયાના યુધ્ધમાં કામમાં આવી શકે છે તેવું જાણકારોનુ કહેવુ છે.અસાદની સરકારે પબ્લીક ઉપર રસાયણીક હથિયારોનો ઉપયોગ કરીને કેટલાંક લોકોના મોત નિપજાવવા બદલ યુએસ અને યુકે સરકાર નારાજ બની છે.તેથી સીરીયા સામે લશ્કરી પગલાં ભરવા માટે નક્કી કરવામાં આવ્યું છે.ધ પેન્ટાગોન દ્વારા ચાર ડ્રીસ્ટ્રોયરને મેડીટેરીયન સીમાં કાર્યરત કરવામાં મુકવામાં આવશે.સીબીએસ ન્યુઝ પ્રમાણે આ શીપ ૪૦ ક્રુઝ મિસાઈલ ધારણ કરે છે.તેમાં સેટેલાઈટ ગાઈડેડ વેપન ઉપલબ્ધ છે.જે એક હજાર પાઉન્ડના વોરહેડ છે જે ૧૦૦૦ માઈલ દુર પ્રહાર કરવાની શક્તિ ધરાવે છે.તેમજ ૧૫ ફુટ દુર સુધી પણ વાર કરવામાં ચોક્કસ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ઉત્તરપ્રદેશના મુઝફરનગરમાં થયેલા કોમી તોફાનોમાં મહદઅંશે રાજકીય પક્ષોના આગેવાનો સંકળાયેલા છે. તેમણે કોમી રમખાણોમાં પોતાના વ્યક્તવ્ય આપીને આગ ચાંપવાનુ કામ કર્યુ હતું તેવું ત્યાંની પોલીસ રીપોર્ટમાં જણાવાયું છે અને તે આધારે કોર્ટે ભાજપ, બસપા,કોગ્રેસ વિગેરેના આગેવાનો સામે વોરંટ જારી કર્યા છે.તોફાનો બાદ ઘણા લોકો ગામ છોડીને ચાલ્યા ગયા છે અને અનેક લોકો શરણાર્થી શિબિરોમાં હાલમાં રહે છે.સરકારે આ નેતાઓની ધરપકડ કરવાની શરુઆત કરી તે પહેલાં ભારતીય જનતા પાર્ટીના આગેવાન ગણાતા ઉમા ભારતીએ ધરપકડના વિરોધમાં યુ.પી.માં પરિસ્થિતિ વધુ ખરાબ કરવાની ધમકી આપી છે.એક તો કોમી રમખાણો કરાવવા પાછળ જેઓનો હાથ છે તેમને પીઠબળ આપી આ નેતાઓ શું કહેવા માંગે છે. તેમને ફાવે તેમ દેશમાં કરવા દેવા, અને જયારે કાયદો તેનું કામ કરે ત્યારે તેને મનગડત રીતે રોકવો અને તેનો અનાદર કરવો. આ પક્ષને દેશનું સુકાન જોઇએ છે.જે દેશની જનતામાં ભાગલા પડાવવાની નીતિ અપનાવતો હોય,જે લોકોમાં અસલામતીની ભાવના ઉભી કરતો હોય તેવા આદર્શોનો સાથે કેવી રીતે લોકો જશે એ તેમણે વિચારવાની જરુર છે.માત્ર કોમી રમખાણો કરાવી અશાંતિ અને ભયનું વાતાવરણ ઉભુ કરીને યુપીમાં બહુમત મેળવી લેવાની પેરવી કરવી એ અસ્થાને છે.એક બાજુ ચુંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી, મુસ્લીમ લોકોને આર્કષવા માટે અને ભાજપ ઉભી થયેલી કોમવાદી છાપ ભુંસવા માટેના અથાગ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આવા કેટલાક નેતાઓ ભાજપાની ગાડીમાં પંકચર પાડીને જંપશે એવું લાગી રહ્યું છે.જેમની વિચારસરણી કટ્ટરતાવાદને વરેલી હોય તેઓ તેના અસલી રુપ તો દેખાડવાના, કહેવત માં કહેવાયું છે કે કુતરાની પુંછડી ભોયમાં ભંડારો તોય લાંબા સમયે વાકી જ નીકળે.

## મંતવ્ય

અમદાવાદ શહેરમાં આવેલા ઓઢવ વિસ્તારમાં ઈગ્નાસપાર્ક સોસાયટીમાં પાણીની ખુબજ તંગી પડે છે. આ વિસ્તારમાં પાણી આવતું ન હોવાથી ત્યાંના લોકોને પાણી વગર ખુબજ મુશ્કેલીઓ પડે છે.આ શહેરના મ્યુ.કોરપો.ના સભ્યોએ પાણીની સમસ્યા હલ કરવા માટે તુરત કાર્યવાહી કરવી જોઇએ.તેવું આ સોસા.ના લોકો ઈચ્છી રહ્યા છે.

પરમાર પુનમ એન. ઓઢવ, અમદાવાદ

આજે આપણા દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે.મોંઘવારી ઘણી વધી ગઈ છે અને ઘટવાનું નામ લેતી નથી.તેને પરિણામે ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે અને ધનિકો વધુ ધનિક બની રહ્યા છે.ધનિકો ગમે તેટલું મોંઘુ થતું અનાજ ખરીદી શકે છે.જયારે ગરીબો માટે અનાજ લાવવા માટે દેવું પણ કરવું પડે છે.મોંઘવારી ઘટે માટે સરકારે કંઈક કરવું જોઈએ.

મેકવાન પ્રણાલી કમલેશભાઈ, પાધરીયા, આણંદ

આજના સમયમાં ઘણી બધી ખરાબ અને બિભત્સ ફિલ્મો કેટલાંક સિનેમા ઘરોમાં બતાવાય છે.જુવાન છોકરાઓ આ જોવા માટે લલચાય છે.ભણતર છોડીને આવી ફિલમો જોવા માટે કતારો જામે છે.આવી ફિલ્મોની ખરાબ અસર તેમના માનસ પર પડે છે.ભણતરમાં ખરાબી પણ થાય છે.તેમનું ચારિત્ર ખરાબ થાય છે.આવી ફિલમોને કારણે કેટલાક જુવાનીય અવળે માર્ગે ચઢી જાય છે.આથી સરકારે ખરાબ ફિલમો બતાવતા સિનેમાઘરો અને ફિલ્મો બનાવનારાઓ પર કડકાઈ દાખવવી જોઈએ. જેથી ખરાબ સમાજનું સર્જન થતું અટકી શકે.

મનલ એમ. પરમાર, રાવળાપુરા, આણંદ

ભારતમાં અનેક રાજ્યોમાં આજે પણ સ્ત્રીઓનું શોષણ કરવામાં આવે છે. જેમ પ્રાચીન સમયમાં બાળકીઓને દુધ પીતી કરવામાં આવતી હતી તે રીતે આજના સમયમાં ભ્રૂણહત્યા કરવામાં આવે છે.રીતો બદલાઈ છે પરંતુ ધ્યેય એના એ જ રહ્યા છે.ઘણા ખરા પછાત સમાજોમાં સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવે છે.તેમજ તેમને સ્વતંત્રતા કે છુટછાટ મળતી નથી તેથી તેમનો સ્વતંત્ર રીતે વિકાસ શક્ય બનતો નથી.તે હંમેશા ઘરમાં ઓશિયાળી બનીને જીવે છે.જો કે સમય પ્રમાણે થોડાક ફેરફારો જોવા મળે છે. શહેરોમાં સ્ત્રીઓ પ્રગતિ કરી રહી છે. પરંતુ એ ના ભુલવું જોઈએ કે દેશની સૌથી વધુ વસતી ગામડાઓમાં વસે છે.

મેકવાન અપેક્ષા કે. લીમડીપુર, કરમસદ, જી. આણંદ

આપણા દેશમાં ગામડાઓમાં વસતા ગરીબોને જરુરી સ્વાસ્થ સેવાઓ મળતી નથી પરિણામે તેમને દુર દુર સુધીની હોસ્પીટલોમાં લઈ જતા પહોંજ તેઓ મૃત્યુ પામે છે. ગામડાના લોકો મોટા ભાગના ગરીબો હોય છે અને તેમની પાસે પૈસાની અછત હોય છે.શહેરમાં ઈલાજ કરાવવા જાય તો પણ સારવાર એટલી બધી મોંઘી છે કે તેઓ સારવાર લઈ શકતા નથી.કેટલાક ગરીબો હાલત ખરાબ હોવા છતા હોસ્પીટલમાં જતા નથી કારણકે તેમની પાસે ઈલાજ કરાવવાના પૈસા નથી.શહેરના કેટલાક ડોકટરો ગામડાના દરદીઓને છેતરીને પૈસા પડાવી લે છે. સરકારે સરકારી હોસ્પીટલો બનાવવી જોઈએ જયાં ગરીબો ઓછા પૈસે પોતાની સારવાર કરાવી શકે.

રાવલ શિવાની જે.વટવા, અમદાવાદ

# ભારતમાં ખ્રિસ્તીઓને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ઓપન ડોર



જો કે ભારતજેવા વિશાળ દેશમાં ખ્રિસ્તીઓ સ્વતંત્ર રીતે જીવે છે.પરંતુ ભારતનો ઓપન ડોર ઈન્ટરનેશનલ તરફથી ૫૦ એવા દેશો જેમાં ખ્રિસ્તીઓને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે તે કેટેગરીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ એક સંસ્થા છે જે વિશ્વમાં ખ્રિસ્તીઓ માટે કાર્યરત છે.૩૧માં નંબરે ઓપન ડોર ૨૦૧૩ ના વોચલીસ્ટ પ્રમાણે ભારત આવે છે.કારણકે હિદુત્વ અને કટ્ટર હિંદુત્વવાદીઓને કારણે ખ્રિસ્તીઓને થતી કનડગતના કારણે તે ૩૧માં નંબરે આવે છે.

દરેક મહિનામાં હિદુત્વ કટ્ટરવાદીઓ દ્વારા પ્રાર્થના સભાઓ, પાસ્ટરોને કનડગત, મારામારી, પ્રાર્થના કરનારાઓ સાથે બદસલુકાઈ,ખ્રિસ્તી કુટુંબોને તેમના ઘરો અને ગામમાંથી તગેડી મુકવાના અનેક બનાવો નોધાયા કરે છે.તારીખો,સ્થળો અને નામો બદલી નાંખવામાં આવે છે.પરંતુ ઘણા બધા કિસ્સાઓમાં તે જ પ્રમાણે રહે છે.ખ્રિસ્તીઓ પર ધર્મપરિવર્તના ખોટા આક્ષેપો કરવામાં આવે છે.ચર્ચ બિલ્ડીંગો તોડી પાડવામાં આવે છે.તે વિસ્તારના ચર્ચના લીડરોને કનડગત કરવામાં આવે છે.પોલીસ ક્યારે થોડુક રક્ષણ કરે છે.કે વહારે આવે છે.છેલ્લા કેટલાક માસથી બનેલા બનાવો એક સરખા છે.હિદુત્વના મુદ્દાને રાજકીય પીઠબળ ઉપલબ્ધ છે. અને તેમનું રાજકીય પીઠબળ એ ભારતીય જનતા પાર્ટી છે.જે રાષ્ટ્રીય કક્ષાનો પક્ષ છે.તેઓ સંસદમાં બીજા નંબરનો પક્ષ છે. તેમજ દેશના ૨૮ રાજ્યો પૈકી સાત રાજ્યોમાં સત્તા પર છે.તેઓ દેશના ૧૫ ટકા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.હિદુત્વની વિચારધારા ના મુળીયા ઘણા ઉંડા છે તેમજ તે મુદ્દાને સરકારી તંત્ર, અમલદારશાહી અને પોલીસમાં પણ વ્યાપક ટેકો છે.આ પ્રમાણે વોચલીસ્ટે જણાવ્યું છે.

યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રીલીજીયસ ફ્રીડમ,જે યુ.એસ.કોંગ્રેસની એડવાઈઝરી બોડી છે,તેમણે નોધ્યું છે કે ભારત સરકાર તરફથી એવા કાર્યક્રમો હાથ ધરાયા છે જે કોમી એકતા ઉભી કરી શકે. પરંતુ દેશમાં,કોર્ટો અનિર્ણિત કેસોની છલકાઇ ગઇ છે.રાજકીય ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો છે.ધાર્મિક પુર્વગ્રહો વધુ વકર્યા છે.તેમાં આ બાબત રાજ્ય અને તેનાથી નીચલા સ્તરે જોઇ શકાય છે.જ્યાં હિદુત્વ કટ્ટરવાદ વધુ પડતો જોશમાં છે.પરિણામ એ છે કે વાતાવરણ ડહોળાઈ ગયું છે.અને ખાસ કરીને જ્યાં ધર્મપરિવર્તનના કાયદાઓ લાગુ કરવામાં આવ્યા છે તેવા રાજ્યોમાં ધાર્મિક વાતાવરણ ખરાબ થયું છે.પાંચ રાજ્યો,જેમાં ત્રણ રાજ્યોમાં બીજેપીનો કાબુ છે તેમાં ધર્મ પરિવર્તન પર કાયદા દ્વારા પ્રતિબંધ લગાવાયો છે.

જબરજસ્તીથી થતા ધર્મપરિવર્તનો રોકવાના પ્રયત્નો અને કોમી રમખાણો ઘટાડવા માટેના પ્રયત્નો.માં રાજ્યો કાયદાના અસ્તિત્વને કારણે લઘુમતીઓ પર અત્યાચાર,અને હિંસા કરવામાં પાછા પડ્યા નથી.કાયદાના સહારે તેમણે લઘુમતિઓને વધુ દંડિત કરી છે.ખાસ કરીને ખ્રિસ્તીઓ આ બાબતે વધુ શોષવું પડ્યું છે.૨૦૧૩ ના કમિશનના રીપોર્ટ પ્રમાણે કેટલાક બનાવો નોધ્યા છે તે નીચે મુજબ છે.

હિંદુ નેતાઓના કહેવાથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ ધર્મપરિવર્તનના કેસો કરી,તેમની ધરપકડ કરવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં સરકારી ટ્યુબવેલમાંથી પાણી આપવામાં આવતું નથી તેમજ રેશનીંગની દુકાનમાંથી ચીજવસ્તુઓ આપવામાં આવતી નથી કારણકે તેઓ આદીવાસી ખ્રિસ્તી છે.કેટલાંક વિસ્તારોમાં ચર્ચો બાળી મુકવામાં આવે છે.ઉપરથી પોલીસ ગુંડાગીરી કરનારાઓની જ મદદ કરે છે. ઓડીસામાં બનેલ એક ઘટનામાં ખ્રિસ્તી વ્યક્તિ પાસેથી હિંદુ તહેવારના નામે પૈસાની કરેલ માંગણી નકારતા,તેમને ઘાયલ કરવામાં આવ્યા હતા.પોલીસ ફરિયાદ નોધવાને બદલે ડોનેશન આપી દઈ મામલો શાંત પાડવા પાસ્ટરને સલાહ આપી હતી.આ રીતે દેશના વિવિધ ભાગો જેવા ઉત્તર પ્રદેશ,મણીપુર, તામીલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ત્રીપુરા, ગુજરાત, છત્તીસગઢ,કેરાલા જેવા રાજ્યોમાં ખ્રિસ્તીઓની સતાવણી,હુમલા,ચર્ચ તોડી પાડવા વિગેરે બનાવો બન્યા છે.સરકારી તંત્ર અને પોલીસ તંત્ર લઘુમતીઓનું રક્ષણ કરવામાં નબળી પુરવાર થઈ છે.

ભારતમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ સતાવણી કરવાની એક સરખી પધ્ધતિ અપનાવાઈ રહી છે.અને ખ્રિસ્તીઓ પર સતત માનસિક દબાણ ઉભુ કરવામાં આવી રહ્યું છે.

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા. પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ ૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬ રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઇડભાઈ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફ્રસ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

## નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

# રાજકારણી બનીને ફરતાં ગુડાઓથી છુટકારો મળશે ?

એક વખત આખા ચંબલને ઘણઘણાવનાર ડાકુરાણી ફુલનદેવી ચુંટાઈને ‘ માનનીય‘ સંસદસભ્ય બની ગઈ હતી. આ ફુલનનું દિલ્હીમાં જ ખુન થઈ ગયું હતું. હજુ પણ થોડાક ગુનેગારો સંસદમાં બિરાજમાન છે.ભારતના મોટાભાગના રાજ્યોમાં એકાદ બે મંત્રી તો એવા મળી આવશે જેની સામે પોલીસ ચોપડે એક નહી પણ અનેક ફરિયાદો નોધાયેલી હોય !

સુપ્રીમ કોર્ટે એક ખુબજ મહત્નો ચુકાદો આપ્યો કે જે સસદસભ્ય કે ધારાસભ્યને અદાલત ગુનેગાર ઠેરવીને સજા ફરમાવશે તેને ગેરલાયક ઠરાવવામાં આવશે એટલું જ નહી કોઈ વ્યક્તિ જેલમાં બેઠા બેઠા પણ ચુંટણી લડી શકશે નહી.હકીકતે તો આ કાયદો બંધારણની રચના થઈ ત્યારથી જ ઘડાવવો જોઈતો હતો. જો કે એ સમયે રાજકારણીઓની છબી આજના રાજકારણીઓ જેવી હતી નહી.અત્યારે તો કેટલાંક રાજકારણીઓ એવા છે કે આપણે નક્કી નકરી શકીએ કે આ પોલીટિશ્યન છે કે ક્રિમિનલ.

બિહાર, યુપી અને બીજા રાજ્યોમાં તો જેના બાવડામાં તાકાત હોય, એજ રાજકારણાં ઝંપલાવે છે. પપ્પુ યાદવ, રાજા ભૈયા અને બીજા કેટલાંય એવા નામ છે જે પોલીસ ચોપડે હીસ્ટ્રીશીટરના લિસ્ટમાં છે.હવે આવા લોકો રાજકારણમાં આવતા અટકશે. અલબત્ત ગુનેગારોને રાજકારણી બનાવવા માટે જો કોઈ જવાબદાર હોય તો એ રાજકારણી છે.એક સમય હતો જ્યારે રાજકારણીની છાપ અને છબી સાફસુથરી હોય એને જરુરી માનવામાં આવતું હતું.જો કે ધીમે ધીમે વાતાવરણ ગંદું થતું ગયું. ચુંટણી જીતવા માટે રાજકારણીઓ ગુંડાઓની મદદ લેવા લાગ્યા. કોઈને ધમકાવવાના હોય કે કોઈને ઉમેદવારી કરતાં રોકવો હોય તો ગુનેગારોને કામ સોપીં દેવાનુ. ધીમ ધીમે ગુનેગારોને એવી બુધ્ધિ આવી કે આ રાજકારણીઓ આપણા જોરે કુદે છે અને ચુંટણી જીતે છે, તો પછી આપણે જ શા માટે રાજકારણી બની ન જઈએ ?‘ ધીમે ધીમે ગુંડાઓ રાજકારણી બની ગયા.ખેલ તો જુઓ, આપણા દેશમાં ઘણાં એવા કિસ્સા છે કે જે પોલિસ ઓફિસરે ધરપકડ કરી હોય એણે જ સલામી ઠોકવી પડે છે.આપણા દેશના ઈલેકશન કમિશને પણ ગુનેગારો રાજકારણમાં આવતાં અટકે તે માટે નિયમો બનાવ્યા છે. પરંતુ ઉમેદવારી કરતી વખતે વ્યક્તિએ તેની સામે ક્યા ક્યા ગુના હેઠળ કામ ચાલે છે તેની યાદી આપવી પડે છે.ઉમેદવારો યાદી આપે છે અને કોઈને કોઈ છટકબારી શોધી ચુંટણી લડે છે.મધ્યપ્રદેશનારાજકારણી અને ભુતપુર્વ નાણાંમંત્રી રાઘવજીની હમણાં જ યૌનશોષણના કેસમાં ધરપકડ થઈ.ધ એસોસીયેશન ઓફ ડેમોક્રેટીક રિફોર્મના આંકડા મુજબ દેશમાં ૩૬૯ એવા સંસદ સભ્યો અને ધારાસભ્યો છે જેની સામે બળાત્કાર અને મહિલાઓ સબંધિત અન્ય ગુનાઓ નોધાંયેલ છે.નેશનલ ઈલેકશન વોચના આંકડા કહે છે કે આપણા દેશના ૧૫૩ સંસદસભ્યો સામે ગુના નોધાયેલા છે.આમાંથી ૭૪ સંસદસભ્યો તો એવા છે કે જેની સામે ગંભીર કહી શકાય એવા એટલે કે ખુન, ખુનની કોશીશ,મારધાડ, લુંટ,બળાત્કાર અને અન્ય ગુના નોધાયા છે.આ બંને સંસ્થાનો જ એક સંયુકત અહેવાલમાં જણાવે છે કે ૨૦૧૨માં રાષ્ટ્રપતિની ચુંટણી વખતે જે ધારાસભ્યો અને સંસદસભ્યોએ વોટ આપ્યા તેમાં ૩૧ ટકા રાજકારણીઓ એવા હતા જેની સામે ફોજદારી ફરિયાદો નોંધાયેલી હતી.

એક એક રાજકારણીના નામ લઈને વિગતો આપીએ તો બહું લાંબુ થઈ જાય એમ છે. ગુજરાતમાં પણ એવા ધારાસભ્યો અને સંસદસભ્યો છે જેની સામે ગુનાઓ નોધાયેલા છે. આપણો કાનુન કહે છે કે જ્યાં સુધી કોઈ વ્યક્તિને ગુનેગાર ઠરાવાતો નથી ત્યાં સુધી એ નિર્દોષ છે.મતલબ કે ફરિયાદ નોંધાવાથી કોઈ માણસ ગુનેગાર ઠરી જતો નથી. રાઈટ, એકદમ, સાચી વાત છે. પણ આપણા દેશમાં તો એવા રાજકારણીઓ પણ છે જેને કોર્ટે બાકાયદા જેલની સજા ફટકારી હોય . જો કે નીચલી ક્રોટમાંથી જામીન લઈ ઉપલી કોર્ટમાં,પછી હાઈકોર્ટમાં અને પછી સુપ્રીમ કોર્ટમાં જાય છે આ વિધિમાં વર્ષો વીતી જાય છે.આ દરમિયાન રાજકારણીઓ કોઈ ને કોઈ રીતે કેસ સગેવગે કરી નાંખે છે.કેટલાક રાજકારણીઓ તો એવા છે જેની સામે ફરિયાદ કરવાની કે જુબાની આપવાની જ કોઈ હિંમત કરતું નથી.હવે આવા લોકોને તો રાજકારણમાં આવતા કાયદો અને કોર્ટ જ રોકી શકે.બદમાશ લોકો રાજકારણમાં આવી ગયા એટલે જ સારા લોકો દુર જતા રહ્યા છે.રાજકારણમાં ઘણા તો એવા લોકો છે જેની સાથે બેસતાં પણ વિચાર કરવો પડે. ગુજરાતની સ્થિતિ તો થોડીક સારી છે.બાકી અમુક રાજ્યોમાં તો લોકો રાજકારણીઓને ઘેર બોલાવવાનું પસંદ કરતા નથી.સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી એક ફાયદો એ પણ થશે હવે સારા લોકોને રાજકારણમાં આવવાનું મન થશે.ખાસ તો મહિલાઓ માટે આ ક્ષેત્ર થોડુંક સલામત બનશે.આપણા દેશમાં કમનસીબી એ છે કે કલાર્ક થવા માટે ક્વોલીફીકેશનની જરુર પડે છે. પણ મંત્રી બનવા માટે નહી.હજુ આપણી સરકારે અને અદાલતે કરવા જેવું એક કામ એ છે કે ચુંટણી લડવા માટે મીનીમમ એજ્યુકેશન ક્વોલીફીકેશન નક્કી કરવાની જરુર છે.કે કમસે કમ ગ્રેજ્યુએટ હોય એ ચુંટણી લડી શકે.આપણે ત્યાં કોઈ દિવસ કોલેજનું પગથિયું ન ચડ્યા હોય એ પણ ધારાસભા અને સંસદના પગથિયા સડસડાટ ચઢી જાય છે.એટલી આશા રાખીએ કે આજે ગુનેગાર રાજકારણીઓ માટે આટલુ થયું છે તો આવતીકાલે વધુ સારુ પણ થશે. . કૃષ્ણકાંતઉનડકટ (સૌ.સંદેશ)

# તપાસ એજન્સીઓને જવાબદેહી બનાવો

દેશની કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈએ આઠ ગુજરાત પોલીસ અધિકારીઓને,વરિષ્ઠ ડી.જી. વણઝારા,અને પી.પી.પાંડે સહિતના ૨૦૦૪માં થયેલા એન્કાઉન્ટર માટે દોષિત ઠરાવ્યા છે.ટીનએજર વિદ્યાર્થીની ઈશરત જહાં અને અન્ય માર્યા ગયા હતા.નરેન્દ્ર મોદીને તેઓ મારી નાંખવા ઈચ્છે છે તેવો ખોટો આરોપ મુકવામાં આવેલો.આ ગુનેગારો બિનકાયદેસર રીતે અટકાયતમાં હતા તેમનું પોલીસે અપહરણ કર્યું. આંખે પાટા બાંધીને દુરના સ્થળે લઈ જઈ ૭૦ ગોળીઓ ધરબી દીધી. પ્રથમ દર્શીય અહેવાલ બનાવટી નોધાંયો.

આ પ્રથમ વખત હતો જ્યારે પોલીસ અધિકારીઓ વણઝારા, પાંડે એન.કે.અમીન અને જી.એલ.સિંઘલ જેવા એન્કાઉન્ટરમાં સામેલ હતા.ગુજરાતમાં એન્કાઉન્ટરોની ઘટના વધુ બની છે.અને અનેક પોલીસ કર્મી જેલમાં છે.હંમેશા વિદેશ પ્રેરીત આતંકવાદી હોવાનુ અને મોદીને મારી નાંખવાની જ વાત કહેવાઈ છે.રાષ્ટ્રભક્તિની આથી મોટી સાબિતી શુ જોઈએ ?

જો કે ઈશરત જહાંનો કેસ ખાસ છે કારણ કે ડેપ્યુટી પોલીસ સુપ્રી. ડી.એચ.ગોસ્વામીએ સ્વીકારી શકાય તેવી વાત કરી હતી.તેમણે સાંભળેલું કે વણઝારાએ સિંઘલને જણાવેલું કે તેમણે મોદીની પરવાનગી મેળવી લીધી છે.બીજુ પરિબળ એ કે આઈબીની સામેલગીરી. સીબીઆઈના જણાવ્યા મુજબ આઈબીના સ્પેશય ડાયરેકટર રાજેન્દ્રકુમાર સમગ્ર ઓપરેશન માટે મુખ્ય વ્યક્તિ કીંગપીન હતા.તેમણે ઈસરતને દુર કરવા વઝણારા અને પાંડે સાથે યોજના ઘડી હતી.આઈબીએ પોતાના દાવાઓ માટે અનેક વાતો ઘડી કાઢી હતી.તેનું કહેવું હતું કે ઈશરત નિર્દોષ અને કઠોર પરિશ્રમી વિજ્ઞાનની વિદ્યાર્થિનીહતી અને પરિવાર માટે કમાણી માટેનું સાધન હતી. તેનો સબંધ લશ્કરે તોયબા સાથે હતો.તેણે શસ્ત્રોની તાલીમ પણ લીધી હતી.આ સાચું માની લઈએ તો પણ ઈશરતની હત્યા વાજબી ન ઠેરવી શકાય.આઈબીએ અગાઉ જણાવેલ કે પાકિસ્તાની-અમેરિકન ડેવીડ કોલમેન હેડલીની પુછપરછમાં જણાવ્યા મુજબ ઈશરતનો સબંધ લશ્કરે તોયબા સાથે હતો. આ ભારતની નેશનલ ઈન્વેસ્ટીગેસન એજન્સીએ હેડલીની પુછપરછ કરી જણાવ્યું હતું કે આઈબીનો દાવો સાચો નથી.

ટુંકમા ઈશરત મુદ્દે આઈબીએ વધારે પડતી ભુમિકા ભજવી એવું કહી શકાય.સીબીઆઈનો કેસ રાજેન્દ્રકુમાર વિરુધ્ધનો એવો હતો કે તેમણે ૨૦૦૨-૦૪માં ખોટી માહીતિઓ આપી. સૌથી વધુ ખરાબ કહી શકાય.સાદિક જમાલ ભાવનગરની વાત જે ૨૦૦૩માં માર્યો ગયો હતો . તે એન્કાઉન્ટર પણ ખોટું હતું.મુંબઈના દયા નાયકે કે જોઓ એન્કાઉન્ટર સ્પેશીયાલીસ્ટ તેમણે તેને ગુજરાત પોલીસને સુપ્રત કર્યો હતો.શક્ય છે કે સીબીઆઈ હવે પછી ચાર્જશીટમાં કુમારનું નામ હશે.આઈબી આવી ગંદી હરકતો કરતી રહી છે તે સૌ કોઈ જાણે છે.આઈબીને કોઈ કાયદાકીય મંજુરી નથી મળી.ભારતની સંસદમાં એકઝીક્યુટીવ ઓર્ડર દ્વારા ૧૮૮૭માં બ્રિટિશરોએ તેને સ્વીકૃત્તી આપી હતી.૧૯૪૭ સુધીમાં મુખ્ય કાર્ય હતું વસાહતી રાજ્યોના શત્રુઓને શોધવાનું. ખાસ કરીને આઝાદીની ચળવળમાં ભાગ લેનારાને, છેલ્લા ૧૨૫ વર્ષ થી કોઈ પણ ચોક્કસ સ્વરુપ વિના તેણે ભુતિયા એજન્ટ તરીકે જ કાર્ય કર્યું છે. આ વાત ભુતપુર્વ આઈબી અધિકારી આર.એન.કુલકર્ણીએ જાહેર હિત અરજી માં કરી છે.

આઈબી પ્રધાનમંડળને જવાબ દેવા માટે બંધાયેલ નથી.તે હંમેશા આવી જ્યારે વાત થાય ત્યારે બાબત ગુપ્ત હોવાનુ કારણ જણાવે છે. પંડિત નાહેરુનો પણ ૧૯૫૯ ધી ૬૨ દરમિયાન સરહદ પર ચીન સાથેની તંગદીલી બાબતે આઈબીએ ગેરમાર્ગે દોર્યા હતા.ત્યાર બાદની તમામ સરકારોએ તેનો દુરપયોગ રાજકીય વિરોધીઓની સામે કર્યો છે.જ્યારે પણ જરુર પડે ત્યારે રાજકીય વિરોધી,વેપાર સંગઠનના યુનિયનો અને નાગરિક ચળવળના કાર્યકરોની માહિતિ તેની પાસે એકત્ર કરાવવામાં આવી છે.ઈન્દીરા ગાંધીએ પણ આઈબીએ આપેલી માહિતીના આધારે ૧૯૭૫માં કટોકટી લાદી હતી.આઈબીનું કહેવું હતું કે તેમને દુર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.નવી આવેલી બાબત એવું જણાવે કે જાન્યુ. ૧૯૭૭માં જ્યારે ઈન્દીરા ગાંધી કટોકટી દુર કરવા ઈચ્છતા હતા ત્યારે એક કમિટિએ એવી ભલામણ કરી હતી કે કટોકટી ચાલુ રાખવી જોઈએ. આ કમિટિમાં આઈબીના ટી.વી.રાજેશ્વર પણ હતા. જેઓ પાછળતી આઈબીના ડાયરેકટર બન્યા હતા. અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ પણ બન્યા હતા.

વિદેશી ગુપ્તચર એજન્સી રો ની જેમ આઈબીએ હંમેશા જે સરકાર સત્તા પર હોય તેને સાથ આપ્યો છે.બંને એજન્સીઓએ એક એવી નીતિ અપનાવી છે કે ક્યારેય કોઈ મુસ્લીમની ભરતી કરવી નહી.પાકિસ્તાન પ્રાયોજિત ત્રાસવાદ ખાસ કરીને સપ્ટ.૨૦૦૨ના એટેક બાદ આઈબીએ ત્રાસવાદ સામે લડવા પોતાને સુદ્દઢ બનાવી છે.જો કે હમણાં થોડોક સુધારો થયો કે જ્યારે સઈદ આસિફ ઈબ્રાહીમને આઈબીના ડાયરેકટર તરીકે ડિસેમ્બર મહિના સુધી નિયુક્તી મળી છે.ઉત્તરપુર્વમાં આઈબીએ જે પધ્ધતિઓ અપનાવી છે તે ઘાતકી છે.પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં પણ ઊગ્રવાદ વધ્યો ત્યારે તેને વધારે પડતું મહત્વ આપવામાં આવ્યું છે.દેશમાં સ્વદેશી આતંકવાદ સામે પણ તેને વધારે પડતુ મહત્વ આપવામાં આવ્યુ છે.પોલીસ સાથે વધારે પડતા

અનુ પાન નં.૪ ઉપર

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ઝીમ્બાવેમાં મુક્ત અને ન્યાયી ચુંટણી થાય તે માટે લંડનમાં વિરોધ પ્રદર્શન યોજાયું

લોકશાહી માટે પ્રદર્શન,લંડનમાં ઝીમ્બાવેમાં થનાર પ્રેસીડેન્સીલ ચુટણીઓ માટે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.પ્રેસીડેન્ટ રોબર્ટ મુગાવે ૮૯ના છે અને તેમની પાર્ટી ઝાનું પીએફ અને પ્રાઇમ મીનીસ્ટર મોર્ગન ટીસવાનગીરાઇ અને તેમની મુવમેન્ટ ડેમોક્રેટીક ચેઇન્જની વચ્ચે આ બાબતે કટ્ટર હરિફાઇ થશે.

મુગાબે તરફથી વચન આપવામાં આવ્યું છે કે જો તેઓ ચુંટણીમાં હારી જશે તો પદભાર છોડી દેશે.એમડીસીની દેખરેખ હેઠળ આ ચુંટણીઓ થશે.લંડનમાં ઝીમ્બાવેની એલચી કચેરીની બહાર ઝીમ્બાવેના વતનીઓએ એક પ્રદર્શન યોજ્યુ હતું જેમાં થનાર ચુંટણી મુકત અને ન્યાયી બને તેવી માંગણી કરવામાં આવી હતી.આ વિરોધ પ્રદર્શન એક્શન ફોર સાઉર્થન આફ્રિકા,ટ્રેડ યુનીયન કોંગ્રેસ, અને ઝીમ્બાવેવ વીજીલ દ્વારા યોજવામાં આવ્યું હતું.તેમણે ચુંટણીઓમાં ગેરરીતીઓ થઇ શકે તેવી બાબતો તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.સામાન્ય મતદારોને કેવી રીતે હેરેસમેન્ટ થઇ શકે તેની પણ રજુઆત કરવામાં આવી હતી.મતદાતાઓના લીસ્ટમાં ગરબડ થવાની શક્યતાઓ પણ તેમના દ્વારા જણાવાઇ હતી.મતદારોની સંખ્યામાં બે મીલીયન યુવા મતદારો છે.જેઓ ગ્રામીણ વિસ્તારના છે.કેટલાકનો પત્તો નથી જ્યારે ૧ લાખથી વધુ મતદારો સો વર્ષથી વધુ આયુના મતદાતા લીસ્ટમાં સામેલ છે.કેટલાક પક્ષોએ તેમને મતદાર યાદી મળી નથી તે સામે વિરોધ નોધાવ્યો છે.

---

અનુ.પાન નં ૩ નુ ચાલુ

અધિકારો કેટલાંક રાજ્યોમાં આપવામાં આવ્યા છે.હવે જરુર છે આઇબીને નિયંત્રણમાં રાખવાની.ખાસ કરીને એક વિશેષ સંસદિય સમિતિ ગઠન દ્વારા.જો જરુર પડે રાષ્ટ્રીય સુરક્ષાની બાબતો અંગે વિચારણા થઇ શકે,જો કે તેમ કરવાથી તેનું ઉત્તરદાયિત્વ ઓછું નહી થઇ શકે.રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે જે માર્ગદર્શિકા બહાર પાડી છે અને જે અન્ય નીતિ નિયમો છે તે પ્રમાણે તેણે ચાલવું પડશે.

જ્યાં સુધી ભારતની પોલીસ રહેશે અને જ્યાં સુધી તે સૌ પ્રથમ ગોળી છોડવામાં માનશે અને પ્રશ્ન પછી પુછશે ત્યાં સુધી આવી પરિસ્થિતિ રહેવાની. છે.એન્કાઉન્ટર સ્પેશીયાલીસ્ટ દયા નાયક, પ્રફુલ્લ ભોંસલે,પ્રદીપ શર્મા, રાજબીરસિંહ વગેરેની શક્તિઓને નિયત્રિત કરવી પડશે.ભારતના લોકોએ અને કાયદાકીય નિષ્ણાતોએ માનવજીવનના વિશેષાધિકાર અને તેના આદર અંગના નિયમો અને કાયદા વિશે જાગૃત રહેવું પડશે.નાગરિકોને મળેલી સ્વતંત્રતા અને છુટછાટોનો થતા દુરપયોગ રોકવો પડશે.ખરેખર ત્રાસવાદ અને આતંકવાદ શું છે તે સમજવું પડશે. એક વાત સાચી કે શત્રુ ક્યારેય રમતના નિયમો મુજબ રમતો નથી.તેમ છતાં નાગરિકોને મળેલી છુટછાટો અને અધિકારો ખુબ અમુલ્ય છે.લોકતંત્રમાં તેનું પાલન થવું જોઇએ.લડાઇમાં બધું જ બરાબર છે.કારણકે યુધ્ધ એ નરક છે.ભલે તે આક્રમણની સામે હોય.એન્કાઉન્ટરોનો વિરોધ થવો જોઇએ. ખાસ કરીને જે ખોટી ઘટનાઓ હોય છે તેનો.

૧૯૮૦માંખાલિસ્તાની ઉગ્રવાદીઓ સામે જીતવા માટે જે હત્યાઓ થઇ તે જરુરી હતી તેવું માનનારાઓએ વિચારવું જોઇએ કે પંજાબમાં તેમણે લોકોનો ટેકો શા માટે ગુમાવ્યો , કારણ કે તેઓ વિચાર્યા વગર હિંસાત્મક આંદોલન કરતા હતા.ઇરાક અને અફઘાનિસ્તાનમાં પણ અનેક નિર્દોષ લોકો માર્યા ગયા છે. જો કે ત્યાં પાછળથી તેના પર નિયંત્રણ આવ્યું છે. અને શક્ય તેટલો ન્યાય અપાયો છે. આપણે ત્યાં પણ સીબીઆઇ-આઇબી જેવી તપાસ સંસ્થાઓને નિયત્રિત કરવા માટે ઉત્તરદાયિત્વ સોપવું જોઇએ. જરુર જણાય ત્યારે તેમણે કોઇકને તો જવાબ આપવો જોઇએ.

પ્રફુલ બીડવાઇ (સૌ. સંદેશ)

# હિંદુ બૌધ્ધ મંદિરો પર હુમલા કેમ ?

ગમે તેટલા મતમતાંતર હોય,આજના ભારતનો વિશ્વમાં સર્વશ્રેષ્ઠ પરિચય ગૌતમ બુધ્ધની જન્મભુમિને કારણે જ છે.ચીન,જાપાન,કોરીયા, થાઇલેન્ડ સહિત સમગ્ર પુર્વી એશિયા,દક્ષિણ -પુર્વી એશીયામાં જ નહીં, પણ યુરોપ, આફ્રિકા અને અમેરિકા સુધી ભારત પ્રત્યે જે આધ્યાત્મિક સન્માન અને આદર જોવા મળે છે તે બુધ્ધને કારણે જ છે.તે ગૌતમ બુધ્ધની તપસ્યાના સ્થળ અને નિર્વાણતીર્થ હોવાને કારણે જે સ્થળ સમગ્ર વિશ્વમાં વિખ્યાત અને શ્રધ્ધાસ્પદ છે, તે બૌધ્ધ ગયા સ્થિત મહાબોધિ મંદિરમાં થયેલા બોમ્બ વિસ્ફોટથી સંપુર્ણ ભારતની આત્મા અને આપણી રાષ્ટ્રીયતા પર આઘાત થયો છે. આ સમય છે જ્યારે આપણે તમામ ભેદભાવ અને મતભેદ ભુલી બુધ્ધના ધાયલ અનુયાયીઓ સાથે દ્રઢતાપુર્વક ઊભા રહેવું જોઇએ અને તેમને એમ લાગવું જોઇએ કે તેઓ જેટલા ધાયલ છે તેટલીજ ઇજા ભારતના દરેક નાગરિકને થઇ છે.

દુર્ભાગ્યવશ કેટલાક રાજકીય પંડીતો અને વિશ્લેષકો એવું દર્શાવવા પ્રયાસ કરી રહ્યા છે કે મ્યાનમાર અને શ્રીલંકામાં બૌધ્ધ ભિક્ષુઓ અને કટ્ટરપંથી ઇસ્લામી તાલિબાનો વચ્ચે જે સંઘર્ષ થઇ રહ્યો છે તેના પરિણામ સ્વરુપે કદાચ બૌધ્ધગયામાં ઇસ્લામી આતંકવાદીઓએ હુમલો કર્યા એવા તર્ક સંપુર્ણ પણે વખોડી કાઢવો જોઇએ. ભારતની જમીન પોતાના મિત્રો વિરુધ્ધ બદલો લેવા માટે ઉપયોગમાં ન લઇ શકાય.શ્રીલંકા હોય અથવા મ્યાંનમાર અથવા થાઇલેન્ડ, તેમની સાથેની આપણી મિત્રતા અને યુધ્ધ સબંધી સબંધો એવા છે કે ત્યાંના સમાજની માન્યતાઓનું આપણ સન્માન કરીએ અને તેમના પર થતા કે થનાર કોઇપણ હુમલા વખતે તેમની મદદ કરીએ.મહાબોધિ મંદિર પરનો હુમલો આપણી પોતાની નાબાળાઇ,આતંકવાદની ધર્મનિરપેક્ષતાના વાઘા પહેરાવી પોત પોતાની સંકીર્ણ મતબેંક સુરક્ષિત કરવાની આંતરરાષ્ટ્રીય રાજકારણનું પરિણામ છે. મત માટે દેશની સલામતીને દાવ પર લગાવનારા રાજનેતાઓએ ભારતને એક એવો દેશ બનાવી દીધો છે કે જે રોજ બોમ્બ ધડાકાની પ્રતિક્ષા કરે છે અને તેના નેતા દરેક ધડાકા બાદ પહેલાની જેમ છાપેલા શોકસંદેશ મીડીયાને આપી શયનકક્ષમાં જતા રહે છે.

આપણો પ્રિય શોક છે કે બોમ્બ વિસ્ફોટ અથવા કોઇ પણ વિપદા વખતે એકબીજા પર આરોપ લગાવીને એવું સિધ્ધ કરવાનો પ્રયાસ કરવો કે મારા કપડાં વધુ સફેદ છે તેનું પરિણામ શું આવે છે? આજ સુધી કોઇ પણ ધડાકા બાદ આતંકવાદી હુમલા વિરુધ્ધ સર્વદલીય અને સર્વસંમત નીતિ બનાવવાનો પ્રયાસ જ થયો નથી.વિસ્ફોટમાં પકડાયેલા અપરાધી સાંપ્રદાયિક પુર્વાગ્રહો અને તેમના સંપ્રદાય સાથે જોડાયેલી મતબેંક રાજકારણને કારણે કાં તો શહીદ બનાવી દેવાય છે અથવા તો તેમને છોડાવવાનો પ્રયાસ થાય ો.આજના સેક્યુલરવાદનો અર્થ જ એવો થઇ ગયો છે કે આતંકવાદ અને તેનો શિકાર સમાજની આસ્થા અને સંપ્રદાયનો રંગ જોઇ પ્રત્યાઘાત વ્યક્ત કરવામાં આવે.

મહાબોધિ મંદિર બુધ્ધ અને શિવના સમન્વયનું પ્રતીક છે. ત્યાં દુનિયાભરના લાખો બૌધ્ધ પોતાની શ્રધ્ધા ભાવના વ્યક્ત કરવા અને તીર્થ કરવા આવે છે.હિંદુઓ ગયામાં પિતૃઓનું તર્પણ કરે છે અને આ જ મંદિરમાં જ પુજા કરે છે.હિંદુ ભગવાન બુધ્ધને પણ વિષ્ણુનો નવમો અવતાર માને છે. અને બુધ્ધ તેમ જ શિવમાં ભેદ ન રાખવો આપણી આસ્થાનું અંગ છે.ખરેખર મહાબોધિ મંદિર પર હુમલો આપણા સામાજિક જીવનનને એક નવો પલિતો લગાડવાનો પ્રયાસ હોઇ શકે.કેટલાક કોંગ્રેસી નેતાઓ તેને કોમી રંગે રંગી ચુટણીની મતબેંકને રિઝવવા પ્રયાસ કરી શકે છે. દુર્ભાગ્યથી બિહારમાં જેડીયુ અને ભાજપ વચ્ચે સબંધ વિચ્છેદ કોંગ્રેસને આવો અવસર આપી શકે છે. વ્યાપક રાષ્ટ્રીય હિતમાં રાષ્ટ્રીય વિચારના અગ્રણી આ બાબતે ચિંતા કરશે કે રાજનીતિની બલિ વેદી પર હિંદુ - બૌધ્ધ સબંધોમાં ખટાશ પેદા ન થાય. મીડીયાએ પણ પ્રયાસ કરવો જોઇએ.

શુ ભારતની સુરક્ષા અને સામાજિક બંધુત્વ આપણા રાજકીય હિતો અને ચુંટણીના વિજયના સમીકરણોથી નાના છે ? શા માટે રાજકીય પક્ષો આતંકવાદ વિરુધ્ધ એક નથી થઇ શકતા. ? આતંકવાદ માઓવાદી હોય કે જેહાદી કે પુર્વાચલમાં ચર્ચ અને ડાબેરી સમર્થિત વિદ્રોહ, આ તમામ ભારતની કાયા અને સમાજ પર સૌથી મટો હુમલો છે.ચુંટણી જીતવા વિવિધ રાજકીય પક્ષો પોતાના ક્ષેત્રો આવા આતંકવાદી સંગઠનો સાથે તાલમેલ બેસાડતા નજરે પડે છે.પણ ચુંટણી ઢંઢેરામાં, પક્ષના અધિવેશનમાં અને અન્ય કોઇ રીતે અન્ય પક્ષો આ સાથે આ મુદ્દે ચર્ચા વિચારણા કરતાં ક્યારેય નજરે પડતાં નથી. જે લોકો રાતદિવસ આતંકવાદીઓની સાથે રહે છે તેઓ પોલીસ કાર્યવાહીનો વિરોધ ફેશનેબલ સેક્યુલરની મદદ લઇ ઘરણાં વગેરે કાર્યક્રમો કરે છે. પોલીસનું મનોબળ ઇજા પામે છે.આતંકવાદીઓને નિર્દોષ કહી હમદર્દીનું વાતાવરણ તૈયાર કરે છે.આવી સ્થિતિની સીધી અસર સુરક્ષા એજન્સીઓ અને દેશભક્ત તમામ સ્ટાફ પર પડે છે.તેઓ કાર્યવાહી કરે છે, પણ ભય સાથે કે તેમની વિરુધ્ધ પગલાં ન લેવાય.આજે આતંકવાદીના અડ્ડા પર ક્યારેય સીધો હુમલો થયો નથી તેનુ આ કારણ છે. બિહાર સરકારને પુછવું જોઇએ કે અગાઉથી સુચના મળી હોવા છતાં સુદ્રઢ સુરક્ષા મંદિરની કેમ ન કરી ? કેન્દ્રને પણ પુછવું જોઇએ કે માત્ર ટપાલીની સેવા કર્યા બાદ અન્ય કોઇ પગલાં કેમ ન લેવાયા ?અમેરિકા પાસેથી એક સબક લેવા જોઇએ કે આતંકવાદ જેવા મુદ્દે સર્વપક્ષીય એકતા પ્રસ્થાપિત કરવી જોઇએ.

તરુણ વિજય (સૌ. સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૯૮૬૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.